જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૬/૧૧/૨૦૧૮ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૩૬/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૫૦ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૩૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૧,૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૩૭/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૨૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૨૩૮/૧૮**

**શહેરકોટડાઃ** દશરથભાઇ પ્રિતમચંદ તંતવાર (ઉ.વ.૩૨) (રહે. ધુળાભાઇ પટેલની ચાલી વિક્રમમીલની પાછળ રખિયાલ) એ તા.૧૫/૧૧/૧૮ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૪/૧૭ થી તા.૧૫/૧૦/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી વિક્રમભારતી મોહનભારતી ગોસાઇ (રહે. ગામ-સરસોલી બાયડ જી.સાબરકાંઠા) એ દશરથભાઇ તંતવાર પાસેથી મહિન્દ્રા બોલેરો ગાડી વેચાણ કરારથી રૂપિયા ૫,૧૧,૧૦૧/- માં ખરીદ કરી તે પેટે રોકડ રૂપિયા ૩,૧૦,૦૦૦/- ચુકવી બાકી નિકળતા રૂપિયા ૨,૦૧,૧૦૧/- આજદિન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એસ.સિંધવ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** પુષ્પાબહેન પ્રકાશભાઇ પટેલ (રહે. જય ગાયત્રીનગર નેતાજીનગરની સામે ડમરૂ સર્કલ પાસે મેઘાણીનગર) એ તા.૧૫/૧૧/૧૮ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૯/૧૮ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે મેઘાણીનગર પુજા હોસ્પિટલ ચાર રસ્તા પાસે આવેલ એસ.બી.આઇ. બેંકના એ.ટી.એમ.માં પુષ્પાબહેન પૈસા ઉપાડવા ગયા હતા ત્યારે એક અજાણ્યા પુરૂષે પૈસા ઉપાડી આપવાનુ કહેતા, તેણે પુષ્પાબહેન નો ગુપ્ત પીન નંબર જાણી લઇ પુષ્પાબહેનના રૂપિયા ૫૦૦૦/- કાઢી આપી વિશ્વાસમા લઇ તેમની પાસેનુ તેમના પતીનુ એ.ટી.એમ.કાર્ડ બદલી પુષ્પાબહેનને બીજુ એ.ટી.એમ.કાર્ડ આપી જતા રહ્યા બાદ થોડા સમયે પુષ્પાબહેનના પતિના ખાતામાંથી રૂપિયા ૩૨,૦૦૦/- કાઢી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એસ.સિધવ ચલાવે છે.

**વટવાઃ** ગુલામહુશેન મોહમદરશીદ કુરેશી (રહે. કિર્તીકુંજ સોસાયટી શાહ-આલમ ટોલનાકા પાસે દાણીલીમડા) એ તા.૧૫/૧૧/૧૮ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૩/૧૮ થી તા.૨૨/૧૦/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી જાકીરહુશેન ઈકબાલભાઈ છીપા (રહે.૧૦૬ પહેલો માળ શના એપાર્ટમેન્ટ આસ્ટોડીયા દરગાહ પાસે) એ પોતે ડોક્ટર હોવાનો અને સિવીલ હોસ્પીટલમાં સેવા આપવાનો વિશ્વાસ આપી, વિશ્વાસમાં લઈ ગુલામહુશેન કુરેશીના પુત્રના નામ ઉપર વટવા કેનાલ પાસે આવેલ સીમ સર્વે નં-૭૫૪/૧, ૨, ૩/૧ ના ખાતા નં-૩૪૭ વાળી જમીન ઉપર બનેલ અમન પ્લાઝા નામનુ બિલ્ડીગવાળી જગ્યામાં અમન મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ શરૂ કરી તેમજ હાથ ઉછીના લીધેલા પૈસા તથા હોસ્પીટલનુ બાકી ભાડુ, લાઈટબીલ, ટેક્ષબીલ અને ડીપોઝીટના બાકી નીકળતા રૂપિયા ૬૦,૯૫,૦૦૦/- નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ભટ્ટ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૩૯/૧૮**

**ખોખરાઃ** શૈલેશકુમાર તમીલઆરસન નાયકર (રહે.નેશનલપાર્ક એ.એમ.ટી.એસ.ડેપો પાછળ હાટકેશ્વર) એ તા.૧૫/૧૧/૧૮ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૧/૧૮ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- અને એમઆઇ રેડ મી નોટ-૫ પ્રો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૨૪૦/૧૮**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** નરેન્દ્રભાઇ હીરાલાલ શ્રીમાળી (ઉ.વ.૫૫) (રહે. એમ.પી.ની ચાલી મ્યુનિસીપલ સ્કુલની પાસે જુના વાડજ) એ બિમારીથી કંટાળી તા.૧૫/૧૧/૧૮ કલાક ૭/૦૦ વાગ્યા પહેલા રહેણાંક પાછળ રીવરફ્રંટ વેક વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિહ કાળુભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.